**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં ઔષધિય રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો

## કુલ ૧૫થી વધુ પ્રકારના રોપાનું વિતરણ : સૌથી વધુ વિતરણ તુલસી, કુંવારપાઠું, સરગવો, સત્તાવરીનું થયું





ગાંધીનગર, તા.૨૬

ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને ગુજરાત સરકાર દ્વારા આજરોજ ઔષધિય વનસ્પતિ રોપા વિતરણનો કાર્યક્રમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ તેમજ ચ-૦ સર્કલ પાસે આવેલ નર્સરી ખાતે યોજાયો હતો. આ રોપા વિતરણ કાર્યક્રમમાં એકવીસ હજારથી પણ વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે રોપા લેવા માટે સવારથી જ ગાંધીનગરાઓએ લાંબી લાઈન લગાવી હતી.

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ અને શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ પાસે ઔષધિય વનસ્પતિ રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ ઔષધિય રોપા વિતરણ કાર્યક્રમમાં ૨૧,૦૦૦થી વધુ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૧૫થી વધુ પ્રકારના રોપા અરડૂસી, બીલી, તુલસી, બ્રાહ્મી, કુંવારપાઠું, પારિજાતક, નાગરવેલ, સરગવો, કરંજ, લીમડો, સીતાફળ, સતાવરી, બેહડા, અરીઠા, આમળા, ખાખરો, શીમળો, પાનસી, બોરસલ્લી, લીલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાડા ત્રણથી સાડા ચાર હજાર શહેરીજનોએ આ ઔષધિય રોપા વિતરણનો લાભ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન ઔષધિય વનસ્પતિ બોર્ડના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા મુલાકાતીઓને ઔષધિય વનસ્પિતઓની ઉપયોગીતા અને ઉગાડવાની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ઔષધિય વનસ્પતિની માહિતી પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ઔષધિ રોપા લેવા આવનાર નગરજનોના પ્રતિભાવ






● **ડો. એકતા આંબલિયા**
ઔષધિ વિતરણ કાર્યક્રમ દ્વારા નાગરિકોને પ્રોત્સાહન મળ્યું છે, તેઓ પોતાના ઘરે વાવવા માટે છોડ લઈ જાય છે જેના થકી પર્યાવરણનું પણ જતન થશે આ એક સારો કાર્યક્રમ છે જે વારંવાર થવો જોઈએ.

● **બી.એમ. રાઠોડ, નિવૃત્ત પોષ્ટલ સુપ્રિટેન્ડન્ટ, વાવોલ**
આ છોડવાં ઘરગથ્થું ઉપચારો માટે ખૂબ ઉપયોગી છે, મેં તુલસી, બહેડાં જેવા છોડ સાથે મોટા ઝાડ થાય તેવી ઔષધીના રોપાં પણ લીધાં છે જે મારી સોસાયટી સામે ખુલ્લી જગ્યા છે ત્યાં વાવીશ, સરકાર દ્વારા એક ઉમદા પ્રયાસ છે.

● **પ્રિતિ સોલંકી, સે-૧૨ અને સોનુ પટેલ સે-૨૯**
અહીં ઔષધિના છોડવાંનું વિના મૂલ્યે વિતરણ થઈ રહ્યું છે. અમે પાનકુટ્ટી જે પથરી માટે ઉપયોગી છે તેનો છોડ લીધો છે, તેમજ અરડૂસીનો છોડ લીધો છે જે તાવ શરદીમાં ઉપયોગી છે. ઔષધિય વનસ્પતિ બોર્ડ દ્વારા આ પ્રયાસના કારણે ખબર પડી છે કે કઈ ઔષધિ કયા રોગ માટે ઉપયોગી છે. આ સાથે અમે અશ્વગંધાનો છોડ લીધો છે જે સાંધાના દર્દમાં ઉપયોગી છે.

● **દિનેશ ચૌધરી સે-૨૬ અને પ્રજ્ઞેશ જોષી સે-૨૮**
અમે ગળો જે તાવ માટે ઉપયોગી છે, મગજની શીતળતા માટે બ્રાહ્મી ઉપરાંત અમે બહેડાંનો છોડ પણ લીધો છે. સરકારના વન વિભાગ દ્વારા આ આયોજન પ્રસંશનીય છે જેનો દરેક નાગરિકે લાભ લેવો જોઈએ અને ઔષધિ વનસ્પતિ બોર્ડે આવું વિતરણ આ મૌસમમાં તો ખાસ વારંવાર યોજવું જોઈએ.

# શહેરમાં ઢોર પકડ પાર્ટી દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ વધુ તેજ બનશે

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરને પકડીને ઢોરવાડામાં પુરવામાં આવે છે. ત્યારે શનિવારની રાત્રે ૨ વાગ્યાના અરસામાં ૨૦થી વધુ નાગરીકોના ટોળાએ ગાર્ડ પર હુમલો કરીને પશુઓને ભગાડી ગયાની ઘટના પ્રકાશમાં આવી હતી. જેને પગલે મહાનગર પાલિકાનું તંત્ર સફાળુ જાગી ગયું છે. ઢોરવાડાના ગાર્ડની ફરીયાદને પગલે પોલીસે ૧૩ શખ્સોની અટકાયત કરીને કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજીતરફ મહાનગર પાલિકાના તંત્રએ પણ ઢોર પકડ પાર્ટીએ પશુઓને પકડવાની ઝુંબેશ તેજ કરી દીધી છે. મનપા ના ઢોર પકડતા કર્મચારીઓને કોઈ મુશ્કેલીનો સામનો ના કરવો પડે તે માટે એસઆરપીના જવાનો અને સ્થાનિક પોલીસના કર્મચારીઓ સાથે રહે છે. મનપા દ્વારા સોમવારના રોજ ઝુંબેશ શરુ કરીને શહેરના માર્ગો પર રખડતા ૪૦થી વધુ ઢોરને પકડી પાડ્યા હતા અને ઢોર ડબામાં પુરી દીધા હતા તેમ સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જયારે આગામી સમયમાં પણ શહેરના સેકટરોમાં અને નગરના મુખ્ય માર્ગો પર અડીંગો જમાવીને બેઠેલા ઢોરને પકડી ઢોર ડબામાં પુરી દેવામાં આવશે. જયારે આ અંગે મહાનગર પાલિકાના કર્મચારીઓને સ્થાનિક પોલીસનો પણ સાથ અને સહકાર મળી રહેશે.

# સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા વેલકમ ગણેશા થીમ પર ચિત્ર સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૨૬

ગણેશોત્સવના ૫૦મા સુવર્ણ જયંતિ વર્ષ ઉજવણીના ભાગરૂપે આ વર્ષે પ્રથમવાર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વેલકમ ગણેશા' ની થીમ પર યોજાયેલ આ સ્પર્ધામાં ધો-૧ થી ૧૦માં ભણતા બાળકો તથા ૧૭ વર્ષથી વધુ ઉંમરના દરેકે ભાગ લીધો હતો જેને ત્રણ ગ્રુપમાં વહેંચવામાં આવ્યા હતા. સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સાધના બેન જોષી અને ઉષ્મા ત્રિવેદીએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન મમતાબેન રાવલ અને ભવ્યા રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા અધ્યક્ષ નિશિત વ્યાસ, મિતુલ જોષી, વૈભવ જાની, મુકેશ મારૂ, અરૂણ પરીખ અને મયુર મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સે-૩-એ ન્યુ શિવશકિત મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી




શિવશકિત મંદિર સે-૩-એ ન્યુ ખાતે મંદિરના યુવક મંડળ દ્વારા જન્માષ્ટમી કાર્યક્રમની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં આજુબાજુના દરેક સેકટરમાંથી મોટી સંખ્યામાં સેકટરવાસીઓએ ભાગ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીકૃષ્ણ જન્મોત્સવ, હિંડોળા દર્શન, બર્થ ડે કેક કટીંગ, સેકટરના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસ ગરબા, મટકી ફોડ, આતશ બાજી જેવા વિવિધ કાર્યક્રમ યોજાયા હતા.

સંસ્થા દ્વારા બાળકોને પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું તથા મંદિરને સુશોભિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખાસ શિવ શકિત પરિવાર તથા યુવક મંડળના સભ્યો રાજુભાઈ પટેલ, પંકજભાઈ સોની, વિજયભાઈ પટણી, પરેશભાઈ શાહ, ગૌરાંગ પટેલ, બિપીનભાઈ પરમાર, રોહન ત્રિવેદી, રણજીત સાદરીયા, બાબુલાલ પ્રજાપતિ તથા કમલેશ ગજબેનો ફાળો રહ્યો હતો.

# 'એક સ્નેહભીની સાંજ'માં શહેરીજનો સાહિત્યની હેલીમાં રીતસર ભીંજાયા

## મોબાઈલ અને મુંઝવણોને સ્વિચ ઓફ કરી રવિવારે સ્વયં પ્લગ-ઈન થઈને પાટનગરવાસીઓ ફુલ રિચાર્જ થયા





ગાંધીનગર, તા.૨૬

ગોકુલ અષ્ટમીના બીજા દિવસે રવિવારની સાંજને ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કવિઓ અને ગઝલકારોએ સાહિત્ય અને સંસ્કાર વારસાથી સ્નેહ નીતરતી સાંજમાં પરિવર્તીત કરી દીધી. મોબાઈલ અને મૂંઝવણો સ્વિચ ઓફ કરીને સ્વયં પ્લગ-ઈન થઈને પાટનગરવાસીઓ રવિવારે ફુલ રિચાર્જ થઈ ગયા. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને વિચાર મંચ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયએલા 'એક સ્નેહભીની સાંજ' મુશાયરામાં સાહિત્યની હેલી સર્જાઈ હતી એમાં પાટનગરવાસીઓ રીતસર મન મુકીને ભીંજાયા હતા. આ પ્રસંગે ગાંધીનગરના પ્રથમ નાગરિક રીટાબહેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના શીરમોર કવિઓ સર્વેશ્રી રાજેશભાઈ વ્યાસ, 'મિસ્કીન', ડો. રઈસ મણીયાર, કૃષ્ણ દવે, મધુસુદન પટેલ, ભરત ભટ્ટ, 'પવન', કિશોર જીકાદરા અને ચંદ્રેશ મકવાણા, 'નારાજ' દ્વારા મુશાયરામાં તેમની રસસભર રચનાઓ પ્રસ્તુત કરરવામાં આવી હતી જે સાંભળી શ્રોતાઓ શબ્દમુગ્ધ થઈ ગયા હતા. આ પ્રસંગે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ અને ગાંધીનગર સમાચારના મેનેજિંગ એડિટર કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે, પાટનગરની સાંસ્કૃતિક ઓળખ આળસ મરડીને બેઠી થઈ છે. ગાંધીનગરના સુજ્ઞ નાગરિકો કલા, સંસ્કૃતિ અને સાહિત્યની ત્રિવેણીને મન દઈને માણે છે. એટલે જ ગુજરાતભરના કલાકારો, સાહિત્યસર્જકો માટે ગાંધીનગર એક અદકેરો મંચ બની રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને વિચારમંચના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા 'એક સ્નેહભીની સાંજ'ના મુશાયરામાં અકાદમીના સભ્ય સચિવ જ્યોતિષભાઈ ભટ્ટે આવા કાર્યક્રમને એક સ્તુત્ય પ્રયાસ તરીકે વર્ણવ્યો હતો. પ્રારંભમાં વિચારમંચના મેહુલભાઈ ભટ્ટે વિચારમંચ વિશે રૂપરેખા આપતા કહ્યું કે ગાંધીનગરના મિત્રોના વિચારોને એક મંચ મળે અને સારા સર્જકોના વિચારો વહન થઈ શકે એ માટે વિચારમંચ સંસ્થા એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બન્યું છે.

વિચારમંચના મનોજભાઈ શુક્લએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પુલકભાઈ ત્રિવેદીએ કવિઓનો કાવ્યાત્મક પરિચય કરાવ્યો હતો. રાજેશભાઈ ભટ્ટે મહેમાનોનું ઉષ્મા સભર સ્વાગત કર્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં સર્વશ્રી દોલતભાઈ ભટ્ટ, પ્રકાશ લાલા, હિરેન ભટ્ટ, ભરત કવિ, કનૈયાલાલ ભટ્ટ, નટુભાઈ પરમાર, ડો. સેશિલ પરમાર, ડો. સતિષ પરમાર, ડો. જયેશ શાહ, પંકજ ગાંધી, પી. કે. ગઢવી, કિશોર ત્રિવેદી, શૈલેષભાઈ પંડ્યા, ધર્મેન્દ્ર ત્રિવેદી, કિશોર પઢિયાર, કેવલ ત્રિવેદી, કાંતિભાઈ શર્મા, મનોજભાઈ, સહિત મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત ખથા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે જયેશભાઈ દવેના નિવાસસ્થાન ૪૯, રોયલ-૨ બંગ્લોઝ વાવોલ ખાતે શિવ રૂદ્રાભિષેક તથા શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર સે-૨૮ ખાતે કેયૂરભાઈ ભટ્ટ દ્વારા રાત્રે ૮.૧૫ કલાકે લઘુરૂદ્ર યોજાશે.

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૮.૪૫ કલાકે અષ્ટાન્હિકા પ્રવચન યોજાશે.

### બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા શૉ યોજાશે

બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા ગુજરાત સંગીત નાટ્ય અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી તા. ૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા શૉનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના બ્રાહ્મણ કલાકારો દ્વારા ગીતો રજૂ કરાશે. જેના પાસ ગાયત્રી વોચ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સે-૨૧, મહેશ્વરી બેકરી મેઈન શોપીંગ સે-૨૨, ચેતના સ્ટેશનરી સે-૭ શોપીંગ ફેશન ટ્રેડ અથર્વ કિલનિક સામે સે-૨, પ્લોટ નં. ૧૦૭૫ સે-૨૭, જોષી ટ્રાવેલ્સ પ્રેસીડન્ટ કેમ્પ સે-૧૧, પંચમ સિલેકશન સાર્થક મોલ સરગાસણ ચોકડી, વેન્જીયન્સ કાફે રાધે સ્કવેર અને ડી.એસ. સ્ટેશનરી રાધે ક્રિસ્ટલ કુડાસણ, બ્રહ્માણી સ્ટેશનરી મીના બજાર સે-૧૦-બી અર્બન ઓટલો ઈન્ફોસીટી કલબ, ગાયત્રી લાઈટ પ્રતિક મોલ અને ૧૧૬૯ બી-૨ સે-૪બી ખાતેથી મળશે. વધુ વિગત માટે સંસ્થાના સંયોજક કેતન ઉપાધ્યાય દ્વારા ૯૩૭૬૧૩૧૬૦૩૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા લોકમેળામાં નિશુલ્ક પાણીની પરબ યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા દર વર્ષે પંચદેવ મદિર ખાતે જન્માષ્ટમી નિમિત્તે યોજાતા લોકમેળામાં નિશુલ્ક પાણીની પરબનું આયોજન કરાય છે, આ વર્ષે પણ તેનું આયોજન કરાયું જેમાં શહેર ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારના અંદાજીત ૧૫૫૦૦ મુલાકાતીઓએ લાભ લીધો હતો. સમગ્ર પરબનું આયોજન રોટે. રાકેશ પારેખ દ્વારા સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૮:૦૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું જેમાં રોટરી પરિવારજનો દ્વારા લોકોને જલસેવાની સાથે પાણીનું મહત્વની સમજણ પણ પૂરી પાડી હતી.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **મિશન મંગલ**
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૫૦, ૪.૫૦, ૫.૪૦, ૭.૪૦, ૮.૩૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૨.૩૦, ૧૦.૧૫

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી-૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૬.૧૫, ૮.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● **મિશન મંગલ**
૧૨.૩૦, ૩.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

● **બાટલા હાઉસ**
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૬.૩૦

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૨-ડી હિન્દી ૫.૩૦

● **ચાલ જીવી લઈએ**
૧૨.૩૦

● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦, ૯.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **મિશન મંગલ**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૩૫, ૪.૩૫, ૬.૨૫, ૭.૨૫, ૯.૧૫, ૧૦.૧૫

● **બાટલા હાઉસ**
૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫, ૧૦.૧૫

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૯.૪૫, ૬.૨૫, ૯.૧૫

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી ૯.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૮.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **મિશન મંગલ**
૧૦.૩૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૦૦, ૧.૧૦, ૪.૨૦, ૭.૩૦, ૧૦.૪૦

● **ચાસની (ગુજરાતી)**
૯.૪૫

● **મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)**
૧૨.૦૦, ૬.૦૦

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
હિન્દી ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

### જય અંબે પરિવારની પદયાત્રાનું પ્રસ્થાન ત્રીજીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા અંબાજી પદયાત્રા વર્ષ ૩૧નો શુભારંભ તા. ૩જી સપ્ટેમ્બરના સવારે સાડા સાત વાગે મા જગદંબાના પુજનથી થશે.

તા. ૩જી સપ્ટેમ્બરે સવારે ૧૦.૧૫ કલાકે સંઘનું પ્રસ્થાન થશે જે બપોરે ધરતી ફાર્મ, રાત્રે સાંઈ ભવન મુ. વાસન મહાદેવ, ૪થી સપ્ટેમ્બર બપોરે સિધ્ધનાથ મહાદેવ, રાત્રે રામજી મંદિર, મુ. દેવીપુરા, ૫મીએ બપોરે ધરોઈ કોલોની વિસનગર અને રાત્રે ઉમતા, ૬ઠ્ઠીએ બપોરે જય અંબે સેવા કેન્દ્ર - ડભોડા તથા રાત્રે પ્રા. શાળા શાહુપુરા, ૭મીએ બપોરે પ્રા. શાળા નવાવાસ તથા રાત્રે બનાસ શીત કેન્દ્ર, દાંતા ૮મીએ સવારે અંબાજી પહોંચી રોકાણ સવિતા ગોવિંદ સદન ખાતે કરાશે. જયારે ૯મીએ સવારે મા જગદંબાના મંદિરે ધજા અર્પણ કરશે તથા બપોરે ઉજાણી કરી સંઘ ગાંધીનગર પરત ફરશે તેમ પ્રમુખ લલિતભાઈ એસ. પટેલ તથા મહામંત્રી વિષ્ણુભાઈ જે. પટેલે જણાવેલ છે.

### ચિરવિદાય

● સ્વ. બિહોલા સંજયસિંહ વિનુજી, ઉ.વ. ૨૬
● સ્વ. જોધાણી ભારતીબેન હિંમતભાઈ, ઉ.વ. ૭૭
● સ્વ. વાઘેલા પ્રવિણસિંહ અભેસિંહ, ઉ.વ. ૬૦
● સ્વ. રાઠોડ પુંજાજી કિશોરજી, ઉ.વ. ૮૪
● સ્વ. આગજા ધ્રુવી સંદિપભાઈ, ઉ.વ. ૮
● સ્વ. દેસાઈ જીવતબેન માલજીભાઈ, ઉ.વ. ૮૯
● સ્વ. પટેલ દયાલજી મોરારજી, ઉ.વ. ૯૪